Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# ગઝલ કાવ્યસ્વરૂપ વિશે મકરન્દ દવેની વિચારણા

**મહેશ વારોતરિયા**

સિનિયર રિસર્ચ ફેલો,

ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ગુજરાતી સાહિત્યમાં ગાંધી-અનુગાંધી યુગને જોડતા સંધિકાળમાં કવિ તરીકે મકરન્દનો પ્રવેશ થાય છે.કાવ્યના એકાધિક સ્વરૂપોમાં સર્જન કરીને પોતાનું નિશ્ચિત સ્થાન બનાવ્યું.એ સાથે જ એકાધિક પ્રવૃતિઓમાં સહભાગી થયા.રાષ્ટ્રીય આંદોલનમાં તો યુવાનવયે જ સહભાગી થઈને રાષ્ટ્ર-સમાજ પ્રત્યેની નિષ્ઠાનો પરિચય કરાવ્યો હતો.અધ્યાત્મમાં અનેરી રુચિ હોવાના કારણે એ વિષયના એકાધિક પુસ્તકો પણ આપ્યા ને એ રીતે આત્મકલ્યાણની વ્યક્તિગત સાધના ગણાતી વિધાને પણ પોતાના પૂરતી મર્યાદિત ન રાખતા 'ગમતાનો ગુલાલ' કર્યો.માત્ર સ્વકેન્દ્રી ન રહેતા સમસ્ત માનવજાત સાથે સ્નેહના તાંતણે બંધાઈને માટીના માણસ પર અક્ષુણ્ણ શ્રદ્ધાની અનુભૂતિ કરાવી.એમના તમામ પ્રકારના સર્જનોમાં કેન્દ્રસ્થાને તો અદના માણસની મહાનતા જ રહી છે.એને અનુલક્ષીને જ વિવિધ પ્રકારનું સાહિત્ય રચ્યું.પુરાણો,ઉપનિષદો વગેરેનો અભ્યાસ કર્યો અને એ વિષયના એકાધિક ગ્રન્થો આપ્યા.સૂફીવાદ,વિશ્વના ધર્મોનું સાહિત્ય, ઉર્દૂ કાવ્યસાહિત્ય,લોકસાહિત્ય,સંતસાહિત્ય,અંગ્રેજી સાહિત્યનો વિશેષ અભ્યાસ કર્યો અને એમનું સર્જન એ વિષયોના પરિધમાં વિસ્તરેલું છે.'સાંઈ' મકરન્દ તરીકે ખ્યાતિ પામેલા આ સર્જક કવિ,આધ્યાત્મના અભ્યાસુ,સંતસાહિત્યના મર્મજ્ઞ તરીકે જેટલાં પ્રસિદ્ધિ પામ્યા છે એટલા વિવેચક તરીકે જાણીતા થયા નથી.એમની સાહિત્યિક વિવેચના પ્રમાણમાં મર્યાદિત હોવા છતાં એમની વિવેચકીય દૃષ્ટિ અને સૂઝના કારણે ગુજરાતી સાહિત્યને ઠીકઠીક સમૃદ્ધ કર્યું છે.અહીં એમણે  ગઝલ કાવ્યસ્વરૂપ અંગે જે વિચારણા કરી છે એ સંદર્ભે ચર્ચા કરવાનો ઉપક્રમ છે.એમણે જુદાં-જુદાં સ્થાને ગઝલના સ્વરૂપ,ગઝલનું આતરતત્વ,ગુજરાતી ગઝલની દશા અને દિશા,ગઝલકારની સજ્જતા જેવા ગઝલસંલગ્ન વિભિન્ન મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી છે,જેનો એકસૂત્રી અભ્યાસ કરવાથી આ વિષય સંબધિત તેમની ચોક્કસ વિચારણાનો ખ્યાલ આવશે.

- **મકરન્દ દવેની વિવેચકીય પ્રવૃત્તિ:**

મકરન્દ દવે પાસેથી સાહિત્યિક વિવેચનનો એક પણ સ્વતંત્ર સંગ્રહ મળ્યો નથી.એમનું સાહિત્યિક વિવેચન મોટાભાગે જુદા-જુદા સંગ્રહોની પ્રસ્તાવનાઓ રૂપે મળે છે.ક્યાંક સામયિકના વિશેષાંકોમાં-સંપાદિત પુસ્તકોમાં અભ્યાસલેખ રૂપે પણ એમની વિવેચનપ્રવૃત્તિ પાંગરી છે.ઝવેરચંદ મેઘાણીના પત્રોના સંકલનમાં 'મનવેધુની આંતરછબી' નામે વિસ્તૃત અભ્યાસલેખ મળે છે જેમાં મેઘાણીના પત્રો મારફતે મેઘાણીના ચેતનાવિશ્વને કળવાનો રસ્તો ચીંધ્યો અને એ રીતે મેઘાણીના વ્યક્તિત્વનો સુપેરે પરિચય કરાવ્યો.યશવંત ત્રિવેદી સંપાદિત સાહિત્ય અને અન્ય વિદ્યાઓનો આંતરવિદ્યાકીય અભ્યાસ રજૂ કરતા પુસ્તક'-અને સાહિત્ય'માં 'સાહિત્ય અને અધ્યાત્મ' એ વિષય પર ઊંડાણસભર અભ્યાસલેખ આપ્યો.ધનવંત શાહ સંપાદિત 'કલાપી દર્શન' પુસ્તકમાં 'લાલી મહીં લાલી' એ શીર્ષકે કલાપીના કાવ્યો વિશેનો અભ્યાસલેખ પ્રગટ કર્યો,જેમાં કલાપીના વ્યક્તિત્વના પાસાઓ અને માનસને વિલોકીને એમાંથી સર્જાયેલા કાવ્યોની ચર્ચા કરી છે.કુંદનિકા કાપડિયાના વાર્તાસંગ્રહ 'કાગળની હોડી'નું પ્રવેશક લખ્યું'ભાંગેલી તક્તીના અક્ષરો'.એમાં આરંભે ટૂંકી વાર્તાના સ્વરૂપ અંગે પોતાનો પક્ષ રજૂ કરી એના આધારે એ સંગ્રહની વાર્તાઓનું મૂલ્યાંકન કર્યું.નવલિકાના સ્વરૂપને લગતું એમનું  દર્શન ધ્યાનાર્હ છે.આ સિવાય 'નરસિંહના પદો' એ સ્વતંત્ર પુસ્તિકા મળે છે.પોતાનાં કાવ્યસંગ્રહોની પ્રસ્તાવનાઓમાં પણ માત્ર કેફિયત રજૂ ન કરતાં જે-તે કાવ્યપ્રકારના પોત વિશે પોતાનાં મંતવ્યો ટાંક્યા છે.'સત કેરી વાણી'નું પ્રવેશક તો તદ્વિદોમાં સીમાચિહ્નરૂપ ગણાય છે.'લિ. તમારો મકરન્દ' નામે સંપાદિત થયેલાં પત્રોમાં,'સ્વામી અને સાંઈ' નામે સંપાદિત સ્વામી આનંદ સાથેના પત્રોમાં,'સુરેશ દલાલ દ્વારા લેવાયેલી મુલાકાતની પુસ્તિકા 'મકરંદ દવે:એક મુલાકાત'માં વગેરે ગ્રન્થોમાં પરોક્ષ રીતે તેમની વિવેચકીય દૃષ્ટિનો પરિચય મળે છે. અમૃત 'ઘાયલ', મનુભાઈ ત્રિવેદી'ગાફિલ'ના ગઝળસંગ્રહોની પ્રસ્તાવનાઓ, 'છીપનો ચહેરો ગઝલ'નામે ગઝલ વિષયક ગ્રન્થમાં ઇત્યાદિમાં ગઝલ અંગેના અભ્યાસલેખો પ્રગટ થયા.આવા એકાધિક ઉપક્રમો દ્વારા એમનું સાહિત્યિક વિવેચન વિસ્તર્યું હતું.આવા અભ્યાસલેખોમાંથી એમની પોતીકી વિવેચકીય દૃષ્ટિનો પરિચય

મળે છે.

- **મકરન્દ દવેનું ગઝલ અંગેનું વિવેચન:**

મકરન્દ દવેને ગઝલમાં વિશેષ રુચિ જન્માવી અમૃત 'ઘાયલ' અને મનુભાઈ ત્રિવેદીએ."ગઝલમાં મારો પ્રવેશ ઘાયલને લીધે થયો....ઘાયલની સોબતે મને ગઝલ ગાતો કર્યો.મનુભાઈની સંગતે સરોદી ભજનો અને ગાફિલી ગઝલોનો રંગ ચડ્યો"('કોઈ ઘટમાં ગહેકે ઘેરું-૨,પૃ-૪૪) એવું મકરન્દ પોતાના ગઝલસંગ્રહ 'હવાબારી'ની પ્રસ્તાવનામાં કહે છે.એમની ગઝલ અંગેની વિચારણામાં આ બે સોબત્તીઓ માધ્યમ બન્યા છે.અમૃત 'ઘાયલ'નો પ્રથમ ગઝલસંગ્રહ 'શૂળ અને શમણાં' ઈ. સ.૧૯૫૪મા પ્રગટ થયો.એની પ્રસ્તાવનારૂપે મકરન્દ દીર્ઘ અભ્યાસલેખ 'કિરણોની કટોરી' આપે છે.આ લેખનો મૂળ આશય તો 'ઘાયલ'ની ગઝલો વિશે વાત રજૂ કરવાનો હતો,પણ પોતાની આગવી રીત મુજબ આ વિવેચનમાં એ ગઝલ કાવ્યસ્વરૂપ વિશે વિગતે વાત કરે છે.પરભાષામાંથી ગુજરાતીમાં અવતરેલા આ કાવ્યસ્વરૂપની મૂળ પ્રકૃતિ,ગુજરાતીમાં એના પ્રચલનના કારણો,ગઝલના બાહ્ય સ્વરૂપ કે આકૃતિ, અંતસ્તત્વ,ગઝલનાં આવશ્યક અંગો, ગઝલકાર પક્ષે જવાબદારી, કાવ્યસ્વરૂપ ગઝલની વિશેષતાઓ,ગુજરાતી ગઝલની વિશેષતાઓ-મર્યાદાઓ જેવા બહુવિધ મુદ્દાઓ ચર્ચે છે અને પછી એના આધારે 'ઘાયલ'ની ગઝલોને મૂલવે છે.'ઘાયલ'ના બીજા ગઝલસંગ્રહની પ્રસ્તાવનામાં પણ આ જ શૈલીએ ગઝલ વિશે વિસ્તૃત અભ્યાસલેખ આપે છે.અલબત્ત આ લેખમાં મોટાભાગે 'ઘાયલ'ની ગઝલોનું મૂલ્યાંકન થયું છે,પરંતુ સાધારણ રીતે ગઝલને સ્પર્શતી બાબતોની ચર્ચા પણ થઈ.આ લેખનું શીર્ષક'પચરંગી પંખી'.અહીં 'ઘાયલ'ની ગઝલોમાં જોવા મળતાં પ્રધાન સૂરના આધારે ગઝલોને પાંચ પ્રકારમાં વર્ગીકૃત કરી અને એ પાંચેય વિષયો અંગે આવશ્યક સમજૂતી પણ આપી જે માત્ર 'ઘાયલ'ની ગઝલોને જ અનુલક્ષીને ન રહેતાં ગઝલસમસ્ત માટે સાધારણપણે બંધબેસતી હોય.અમૃત 'ઘાયલ'ના 'ઝાંય' ગઝલ અંગે એમને પત્ર લખીને પ્રસ્તુત ગઝલસંગ્રહના પોત અંગે ચર્ચા યોજે છે.આ જ રીતે મનુભાઈ ત્રિવેદી'ગાફિલ'ના ગઝલસંગ્રહ 'બંદગી'ની પ્રસ્તાવના પણ મકરન્દે લખી 'કલંદરના ઈશારા'.અહીં મુખ્ય આશય

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

'ગાફિલ'ની ગઝલોને મૂલવવાનો છે.'ગાફિલ'નો પરિચય,એનું માનસ અને એ માનસનો પડઘો એમની ગઝલોમાં કઈ રીતે પડે છે એ દર્શાવ્યું છે.અહીં એ જ સર્જકના ભજનો સાથે ગઝલોની તુલના,એ ગઝલોમાં આલેખિત આધ્યાત્મિક કે રહસ્યવાદી બાબતોનું પૂર્વસૂરીઓના કવન સાથે અનુસંધાન,એમાં આલેખિત સનાતન વિષયોની ચર્ચા,માનવતા અને માનવની મહત્તા,એ ગઝલોની આકૃતિગત વિશેષતાઓ,વિષયનું વૈવિધ્ય વગેરે બાબતો પર વિશેષ ભાર અપાયો છે.બીજા ઉપરકથિત લેખોની તુલનાએ આ લેખ વધુ 'સબ્જેક્ટિવ' છે-'ગાફિલ'ની ગઝલો પર જ વધુ વાત થઈ છે,ગઝલના ઘાટ ને વર્ણ્ય વિષય અંગે સામાન્ય ચર્ચા ઓછી છે.તદપશ્ચાદ 'છીપનો ચહેરો ગઝલ' એ પુસ્તકનું અમૃત 'ઘાયલ અને મકરન્દ દવેએ સહિયારું સંપાદન કર્યું છે.મૂળે તો 'ઉત્તરા' સામયિકના ગઝલ વિશેષાંક સાથે આ ગ્રન્થ પ્રકટ કરવાની 'સાહિત્ય ભરતી ટ્રસ્ટ'ની આ યોજના હતી.આ સંસ્થાનો પાયો નાખનાર ટ્રસ્ટી શિરીષ મહેતા આ કામ મકરન્દ દવેને સોંપે છે અને એના પરિણામરૂપે આ પુસ્તક મળે છે.આ ગ્રન્થમાં મકરન્દ દવે 'ગઝલનું શીલ અને સૌંદર્ય' નામે અભ્યાસલેખ આપે છે.અહીં પણ 'કિરણોની કટોરી' લેખની જેમ ગઝલનાં આવશ્યક અંગો વિશે ચર્ચા યોજાય છે.એક જ કવિના જુદા-જુદા શેર ટાંકીને કવિત્વ કઈ રીતે ઉર્ધ્વગતિ કરે છે એ આ લેખમાં સદૃષ્ટાંત દર્શાવ્યું છે.ગઝલનું ગુજરાતી કાવ્યસાહિત્યમાં સ્થાન, ગઝલનાં કસબ અંગે ચર્ચા અને ગઝલની માવજત માટે ગઝલકારોને ઉકેલ અને ઉપાય સૂચવે છે.ગઝલને સ્પર્શતી એકાધિક બાબતો તરફ આ લેખમાં નિર્દેશ કરાયો છે.આ સિવાય પોતાના ગઝલસંગ્રહ 'હવાબારી'માં પણ અનાયાસે અવતરતી ગઝલોની માવજત પાછળ કવિને કેટલી મહેનત કરવી પડે છે એ પોતાના અને અમૃત 'ઘાયલ'ના દૃષ્ટાંતથી જ પુરવાર કરે છે,ને આ રીતે કેફિયત સાથોસાથ ગઝલકારોને ઉદ્દેશીને ગઝલનાં કેટલાંક પાસાઓ વિશે ચર્ચા યોજે છે. આ રીતે મૂળે તો અગાઉ કહ્યું તેમ અમૃત 'ઘાયલ' અને મનુભાઈ 'ગાફિલ'ના માધ્યથી મકરન્દની ગઝલ પ્રત્યે અભિરુચિ વધી એના પરિણામે જ ગઝલ વિશે શાસ્ત્રીય ચર્ચા સવિશેષ પ્રાપ્ત થઈ.'હવાબારી'સંગ્રહ 'ગાફિલ' અને 'ઘાયલ'ને અર્પણ કરતાં શેર કહે છે:

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

"હર સમે, હર ઘૂંટની તડપન બની તરતી રહી;

એક ગાફિલની સુરાહી,એક ઘાયલની તરસ"

- આ સુરાહી ને આ તરસ જ ગઝલના સૌંદર્યજગતને ભાવકો સમક્ષ રજૂ કરાતા ગઝલ-વિવેચન સુધીય પહોંચાડે છે.આ રીતે જુદી જુદી જગ્યાએ;વિભિન્ન ઉદ્દેશોથી ગઝલ અંગે જે વિવેચન કરવાનો ઉપક્રમ રચાયો એ તમામ વિવેચનલેખોનો સિલસિલાબંધ અભ્યાસ કરવાથી ગઝલ કાવ્યસ્વરૂપ અંગે મકરન્દની એક સ્પષ્ટ સમજ ઉભરી આવે છે.આ સમજ 'ગઝલ'ને પારખવામાં ખરી ઉપયોગી નીવડશે.વર્તમાન ગુજરાતી કાવ્યસાહિત્યમાં સૌથી વધુ ખેડાતા આ સ્વરૂપને સમજવાના પ્રયાસો થઈ રહ્યા છે એમાં મકરન્દની વિચારણા મહત્વની બની રહેશે.

- **ગઝલ કાવ્યસ્વરૂપ અંગે મકરન્દ દવેની વિચારણા:**

ઉપરકથિત અભ્યાસલેખોમાંથી ગઝલના સ્વરૂપ અંગે મકરન્દ દવેની ચર્ચાને અલગ તારવીને સ્વતંત્ર રીતે અભ્યાસ કરવાથી ગઝલ વિશે 'ચોખંડી વિચારણા' પ્રાપ્ત થાય છે.ગઝલ કાવ્યસ્વરૂપ અંગે શાસ્ત્રીય ચર્ચા પ્રમાણમાં ઓછી થઈ હતી એવા સમયે મકરન્દ 'શૂળ અને શમણાં'માં વિગતે વિચાર કરે છે.આ પૂર્વે કૃષ્ણલાલ ઝવેરી સંપાદિત 'ગુજરાતની ગઝલો'ની પ્રસ્તાવનામાં ગુજરાતી ગઝલોની પ્રકૃતિ અને પ્રવૃત્તિ અંગે થોડી ચર્ચા થયેલી.'શૂન્ય' પાલનપુરી 'અરૂઝ' વિશે પુસ્તક આપે છે.'શયદા' ને જમિયત પંડ્યા જેવા ગઝલના અભ્યાસુઓ આ સ્વરૂપ અંગે ઠીકઠીક ચર્ચા કરે છે.કલાપી-બાલાશંકરની ગઝલો વિશે ઉમાશંકર જોશી થોડો પ્રકાશ પાડે છે.'નભોવિહાર'માં 'અર્વાચીન કાવ્યસાહિત્યનાં' રૂપો અંતર્ગત ગઝલ સ્વરૂપ અંગે પાયાની વાત માંડી છે અને ગુજરાતી ગઝલોની ઝાંખી કરાવી છે.ગઝલ વિશે પ્રારંભિક માહિતી આપી,એ સ્વરૂપની વિશેષતાઓ-મર્યાદાઓ ચર્ચીને ગુજરાતી ગઝલોનાં સ્થિત્યંતરો તપાસવાનો આશય જ આ વિચારણાઓમાં મુખ્ય હતો.આવા સમયે ગઝલના તમામ અંગોને સ્પર્શતી વિચારણા વિસ્તૃત રીતે યોજવાની પહેલ મકરન્દ દવે કરે છે.એમના પગલેપગલે ગઝલ વિશે શાસ્ત્રીય ગ્રન્થો પણ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

રચાયા છે,પણ આવા ગ્રન્થોમાં મકરન્દની વિચારણાની પૂરતી નોંધ લેવાઈ નથી.

મકરન્દના આ અંગેના વિવેચનમાં સુઘડ મુદ્દાસર વિચારણા યોજાવા છતાંય ક્યાંય પરિભાષાની ગૂંચવણમાં વધુ ગૂંચવીને ક્લિષ્ટતા પ્રવેશવા પામી નથી.એમને ગઝલની મૂળ પ્રકૃતિને સમજાવવાનો પ્રયાસ કર્યો છે.ગઝલ જે ભાષામાં સૌથી વધુ ફૂલી-ફાલી છે એ ઉર્દૂ ભાષાના ગઝલકારોના સુખનની વિશેષતાઓ ચીંધી છે અને એ રીતે ગઝલની માવજત અંગે ધ્યાન દોર્યું છે.એ ગઝલને માત્ર સ્વતંત્ર કાવ્યસ્વરૂપ તરીકે ન જોતાં ગઝલનું 'ફોર્મ' જે 'જેનર'માંથી આવ્યું છે એવા પદ્યની સાથે,ઊર્મિકાવ્ય તરીકે ગઝલની ચર્ચા કરી છે.મૂળે ગઝલ છે તો 'ઊર્મિકાવ્ય' જ,આ 'લિટરરી જેનર'ના અન્ય કાવ્યપ્રકારોથી ગઝલ કઈ રીતે જુદી પડે છે એ ચર્ચા કરીને ગઝલની વિશેષતાઓ દર્શાવી છે.

એમની વિવેચનની શૈલી મેઘાણીકૂળની છે.પરિભાષાનો ભાર નહીં,રંગદર્શી રીતે વિષયની રજૂઆત,સાહિત્યસ્વરૂપ વિશે વાત થતી હોવાં છતાંય એ સ્વરૂપના કલેવરમાં વધુ મોહી ન જતાં એના આંતરસૌંદર્ય કે વર્ણ્ય વિષય સંદર્ભે જ વધુ લક્ષ આપવાને પ્રાથમિક્તા,સ્વરૂપ તો સાધન છે-સાધ્ય તો કથવા ધારેલા ભાવ કે વિચાર છે એવી સમજ,છતાંય સાધન પણ જરાય ઉપેક્ષિત ન રહે એ રીતે એની પૂરી ચર્ચા-આ તેમની વિવેચનાનાં ગુણો છે.એ વિવેચનામાં વિવેચકની નજર ઘડીમાં વેદવાણી સુધી પહોંચે તો ઘડીમાં મીર-ગાલિબ-ઈકબાલ સુધીય પહોંચે.ગઝલની વાત કરતી વેળાએ માત્ર ગઝલ સુધી જ બંધાઈ રહેતા નથી,લોકગીતોની સૃષ્ટિથી શેલી ને બાયરનના વિચારો,કબીર ને તુલસીથી હાફિઝ ને રૂમી સુધી વિવેચકની દૃષ્ટિ ફરી વળે છે.એમની વિવેચનમાં વારેવારે આ પૂર્વસૂરીઓના કથનો ટાંકવામાં આવે છે,પંક્તિઓ ઉદ્ધૃત કરવામાં આવે છે.આ અવતરણો લટકણિયારૂપ ન રહેતા મૂળ વિચાર સાથે ભળી જાય છે ને કથ્ય વિષયને વધુ સ્પષ્ટ બનાવે છે.એમની શૈલી પંડિતાઈભરી-ઊંચા આસને બેસી ઉપદેશ દેતી નથી,એ સફરના સાથીની જેમ ઉતારો આવતા પાસે બેસીને ગોઠડી કરે એવી મીઠપની છે.એમની શૈલીના પરિચય માટે આ એક અવતરણ જ પૂરતું છે.ગઝલમાં પ્રારંભકાળથી આલેખતા પ્રણયના વિષય અંગે વાત માંડે છે.ગઝલમાં વારંવાર રજૂ થતાં પ્રણયરંગની પ્રચૂરતાના કારણોમાં ઉતરતા કહે છે:" ગઝલ એટલે મૂળે

તો પ્રેમ-બાની.અરબી આકાશમાં કોઈ ટેકરા પાછળ ચાંદનો ટૂકડો ડૂબી જતો હશે.તાતારી તીર જેવી સાંઢણી રણરેતીના અફાટ વિસ્તાર વીંધવા તૈયાર થઈ ગઈ હશે.અને કોઈ આરબ જવાન પેલા આથમતા ચન્દ્રની સાથેસાથે ઓઝલમાં છુપાઈ જતા ચાંદમુખ તરફ છેલ્લી નજર નાખી લેતો હશે.રણની રેતીની જેમ મુકામ બદલતા કોઈ સાદબીન ને સલીમા વચ્ચે તૂટક-તૂટક વાતો થઈ હશે.એને કોઈ બેદૂઈણ શાયરે જંતરને તારે ચડાવી દીધી હશે.અને પછી તો મુફલિસની થાગડ-થીગડ તમ્બૂડી કે અમીરના ઊંચા મિનારા સુધી આ ગાન વાયરે ચડી વહેતું થયું હશે.હજાર હજાર દિલોનો એમાં પડઘો પડ્યો હશે.કાંટાળા ગુલાબની જેમ દિલની કશક ને ફોરમ લેતી ગઝલ આમ ચોખંડમાં ઘૂમી વળી હશે પણ બાદશાહી મહેલોમાં ને બહિસ્તને ભૂલાવે એવા બાગમાં એને વિહરવાનું મળ્યું છતાં,એ દિલની તૂટક-છૂટક કહાની કહેતા ભૂલી નથી.શાહી વાતાવરણ એને ચતુરાઈ ને ચાટૂક્તિથી માંડીને વાત કરતા શીખવી શક્યું નથી.ગઝલની ગુફતેગો હજી પણ ઊંચે શ્વાસે પ્રિયતમને વિદાય આપતી પેલી અરબસ્તાની છોડીની જેમ આડી-તેડી થઈ જાય છે."('આઠોં જામ ખુમારી',પૃ-૨૧૦)

- **ગઝલનાં એકાધિક પાસાઓ સંદર્ભે મકરન્દની વિચારણા જોઈએ**

ગઝલ ઊર્મિકાવ્યનું એક એવું સ્વરૂપ છે જે અન્ય કાવ્યસ્વરૂપોની તુલનાએ વિશેષ લોકપ્રિય છે.આ લોકપ્રિયતાના કારણોમાં મકરન્દ દવે ઉતરે છે અને એ સાથે જ ગઝલની પ્રકૃતિ અંગે ચર્ચા યોજે છે.એ ગઝલને 'કિરણોની કટોરી' કહીને ઓળખાવે છે.એ રંગદર્શી વિશેષણ ગઝલની પ્રકૃતિ અંગેની એમની માન્યતા સ્પષ્ટ કરે છે.ઊર્મિના વિષયો કલ્પનાની પાંખે ચડીને વિહરે છે.'કિરણો' એટલે ઊર્મિ-વિચારના પ્રકાશનો પુંજ આ ગઝલની 'કટોરી'માં એકસામટો સમાઈ જાય છે.કિરણોને જેમ કેદ કરી શકતા નથી એમ માનવહૃદયના કેટલાંક ભાવોય અક્ષરના આકારમાં યથાતથ કંડારી શકાતા નથી.કાવ્યનું આ સ્વરૂપ એવું છે જેમાં આ અશક્ય બાબત શક્ય બને છે.ગઝલની પ્રકૃતિ જ એવી છે જેમાં આવા સૂક્ષ્મ લાગતા વિષયો પણ બખૂબી ઝીલી શકાય છે-ગઝલની આવી પ્રકૃતિનો ખ્યાલ મકરન્દ આપે છે.એ ગઝલના બંધારણ અંગે કહે છે,"ગઝલનું બંધારણ એવું છે કે તેના શેર સેંકડોની

સંખ્યામાં લોકો સહેલાઈથી યાદ રાખી શકે છે.લોકહૃદય ને કવિતા વચ્ચે પુલ બાંધવાનો આ કાવ્યપ્રકારે સરસ પ્રયાસ કર્યો છે...ગઝલ બીજી છન્દોલયે શોભતી બહેનપણીઓને પણ હાથ પકડી હસતી રમતી લોકો વચ્ચે ખેંચી લાવી છે....ઘણી વાર ઘનાક્ષરી કરતાં સરળ ને ઊર્જિત બાનીનો ઘાટ ઉતારવો અઘરો છે. એ સરળ બાની સામાન્ય ને સસ્તી બનવાને બદલે ભવ્યતા તરફ પગલાં માંડે એમાં જ ખરી સર્જકતા. ગઝલ જીવતી બોલીના એ ધૂળિયા ને ધોરી માર્ગે પણ પોતાના દિલ-દિમાગથી આકાશને ભરી દેતી ઊભી છે. એને પોતાના ભાવતાલનું ત્રાજવું છે."('આઠોં જામ ખુમારી', પૃ-૮૫)

ગઝલના બાહ્ય અંગની વિશિષ્ટતા દર્શાવતા કહે છે:"આપણે ત્યાં ગઝલમાં રદીફ-કાફિયાની પ્રાસજાળ ને મનફાવી શેરીમાં દોડતા દરેક શેરની સ્વતંત્રતા ખૂંચે છે. આથી બાહ્ય રૂપ બંધિયાર લાગે છે ને ભીતરમાં એક કલ્પનાચિત્ર કે વિચારબિંદુને ઉઠાવ આપી, વિકસાવી ને સિદ્ધ કરવાનો અવકાશ રહેતો નથી. કોઈ સંકલનાબદ્ધ રચનાની આમાં આશા નહીં, અને એવી તર્કસંકલના ગોઠવવાનો ગઝ્મનો આશય પણ નથી. દરેક કાવ્યપ્રકારને પોતાની વિશિષ્ટતા હોય છે, એ રીતે ગઝલના ચૂસ્ત બંધારણમાં અંગ્રેજીમાં જેને 'પ્યોર પોએટ્રી ' કહે છે એવી વિશુદ્ધ કવિતાની ભાવક્રમભરી રમણા રહી છે....આ ભાવચિત્રોની ચોટ મારવામાં પ્રાસરચનાનો ઓછો ફાળો નથી.આઠ કે દસ લીટીની પ્રાસગૂંથણીવાળા ટુકડાને બદલે શેરની બે લીટીમાં લાઘવથી આવું ચિત્ર ઉપસાવી શકો તો ગઝલની મુક્તક-શક્તિનો ખ્યાલ આવશે."('આઠોં જામ ખુમારી', પૃ-૮૫) ગઝલની આ મુક્તક-શક્તિ કઈ રીતે કાર્ય કરે છે એ પણ ચર્ચ્યું છે. ગઝલના શેરોનેદરિયાનાં મોજાં જેવા કહ્યા છે. એમાં રદીફ-કાફિયા ધૂઘવાટ સમાં છે અને એના નાદથી ગઝલમાં સાતત્ય જળવાય છે તેમજ એક પછી એક વિવિધ ભાવને રજૂ થવામાં એકસૂત્રતા બક્ષે છે એવું કહે છે.

ગઝલમાં કોઈ એક રસનું પ્રાધાન્ય નથી હોતું,જુદા-જુદા ભાવના શેરોથી એક ગઝલ બને છે.કોઈ એક રસ પ્રધાન ન હોવા છતાં રસભંગ શા માટે નથી થતો એના ય કારણોમાં ઉતરે છે. કોઈ કેન્દ્રવર્તી વિચાર નથી હોતો પણ એ તમામ વિચારોને એક તાંતણે બાંધતી રીતિના કારણે એમાં રસ જળવાઈ રહે છે એવું કારણ આપે છે. ગઝલને વિવિધ

હીરાઓથી જડેલી વીંટી સાથે સરખાવે છે.ડ્રેજ હીરાઓ સ્વતંત્ર હોવા છતાં એ જોડાયા છે તો એક પડ સાથે.

ગઝલ સ્વરૂપના આવા બંધારણગત મુખ્ય પાસાઓ વિશે વિચાર રજૂ કર્યા બાદ ગઝલનાં મુખ્ય ચાર અંગો વિશે વિગતે ચર્ચા કરે છે.ગઝલમાં આવશ્યક આ ચાર અંગો છે-૧ હુસ્ને-ખયાલ ,૨ અંદાઝ-એ-બયાન ,૩ મૌસિકી અને ૪ મારીફત. આ ચારેય અંગો વિશે સદૃષ્ટાંત ચર્ચા કરી છે. ગઝલમાં વિચાર-સૌંદર્ય અંગે પરંપરાથી એવું કહેવામાં આવ્યું છે કે વર્ણ્ય વિચાર સુંદર એટલે કે ગઝલનો વિષય બની શકે એવો હોવો જોઈએ.મહદઅંશે પૂર્વકથિત ન હોય એવા વિચારને વધુ મહત્વ આપવામાં આવ્યું છે.ચિંતનસભર વિચારની અપેક્ષા પણ રખાઈ છે.મકરન્દ વિચારસૌંદર્યને જુદી રીતે જુએ છે.એ ચિંતન નહીં, કવિની પ્રેમયુક્ત દૃષ્ટિને પ્રાધાન્ય આપે છે.આ પ્રેમદૃષ્ટિથી જ વિચાર સુંદર બને છે.અહીં પ્રેમદૃષ્ટિ એટલે સમભાવ કે મમત્વ સાથેના તાટસ્થ્યની વાત છે.આમ,ગઝલમાં સમાયેલા આ ગુણને મકરન્દ ગઝલકારની વ્યક્તિગત ચેતના સાથે જોડે છે.અંદાઝે-બયાનમાં રજૂઆતની નવીનતા પર ભાર મુકાય છે ત્યારે મકરન્દ એ પક્ષનો સ્વીકાર તો કરે છે પરંતુ આયાસપૂર્વક લાવવામાં આવતી નવીનતાથી થતી હાનિ ય ચીંધે છે.એમના મતે અંદાઝ-એ-બયાન માટે કવિ પાસે 'શબ્દ-જ્યોતિ' જોઈએ.અર્જિત કરેલ શબ્દસૂઝ.શબ્દ વપરાય એ પહેલાં ગઝલકારને જે-તે શબ્દની તમામ અર્થછાયાઓનો ખ્યાલ હોવો જોઈએ.ત્રીજા અંગ 'મૌસિકી'માં નાદવૈભવ સુધી વાત લંબાય છે.પ્રત્યેક શબ્દનો એક લય હોય છે ને ગઝલમાં સમજપૂર્વક શબ્દચયન કરવામાં આવે ત્યારે એક સંગીત કે 'હાર્મનિ' રચાય છે એવું મકરન્દનું મંતવ્ય છે.આ 'મૌસિકી' કે કાવ્યના સંગીતનો અનુભવ કાવ્યનું પઠન થાય ત્યારે થાય એવું નથી.એ લય કે સંગીત તો કાવ્યમાં આંતરનિહિત હોય છે.એ ગઝલની 'કોલ્ડ-પ્રિન્ટ' સામે આવે ત્યારેય એમાં બિલકુલ સાબૂત હોય છે.ઉમાશંકર જેને 'આંતરશ્રુતિ' કહે છે એના દ્વારા આ મૌસિકીનો અનુભવ થાય છે.ચોથું અંગ 'મારિફત' એટલે આધ્યાત્મિકતા છે.મારિફતને મકરન્દ ગઝલનો પ્રાણ ગણે છે.મારિફત એટલે પરંપરાગત જે અધ્યાત્મનો અર્થ છે એ નહીં.પ્રત્યેક વિષય પરત્વે કવિની એક આગવી દૃષ્ટિ હોવાની,જે દૃષ્ટિથી કવિ જે-તે વિષયના મર્મને પામીને ગઝલમાં ઢાળી શકે.વિશ્વની રમણાના અનેક રંગો કાવ્યમાં આલેખતો કવિ એ રંગો

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

પાછળ રહેલા 'અગમના ઈશારા'ને પારખતો હોય છે એ જ મારિફત એવું મકરન્દનું મંતવ્ય છે.મારિફતને સચોટ રીતે સમજાવી એ અંગે સૌથી મોટું ભયસ્થાન બતાવે છે,"એ તો (મારિફત) વાણીના લોહીમાં વહેતું રસાયન છે.એનું કોઈ અલગ અસ્તિત્વ મૃત્યુને જ નોતરવા જેવું છે"('છીપનો ચહેરો ગઝલ',પૃ-3) આમ,તમામ અંગોની વિશેષતાઓ અને મર્યાદાઓ બરોબર બતાવીને અંતે એ બાબત પર ભાર આપે છે કે આ તમામ અંગો એ કોઈ અલગ-અલગ બાબતો નથી.એ બધાનું સાયુજ્ય ઉત્તમ રીતે જળવાય ત્યારે જ ગઝલ સાચી ગઝલ બને છે.આ ચારેય અંગોના વિસ્તૃત વિવરણ માટે ઉર્દૂ ભાષાના ગઝલનાં અભ્યાસુ ડૉ. યુસુફ હુસૈન ખાનના અભ્યાસમાંથી યથોચિત નિરીક્ષણોને આમેજ કરી લે છે.

અમૃત 'ઘાયલ'ની ગઝલોમાં મોટાભાગે જે ભાવો મુખર રીતે રજૂ થયા છે એવા ભાવોને ધ્યાનમાં રાખીને વર્ગીકૃત કરત પહેલાં મકરન્દ કહે છે,"ગઝલનું વિભાગીકરણ કરી ,એની વ્યાખ્યા આપીને લેબલ લગાડવું અશક્ય છે.એક જ ગઝલ અનેક રંગના પિચ્છ પ્રસારે છે ને તરેહ તરેહના ટહુકા કરે છે.પણ કોઈ કોઈ ગઝલનો પ્રધાન સૂર પકડી કવિની પ્રેરણા ક્યાં ક્યાં ઘૂમી વળે છે અને કઈ મનગમતી ડાળી પર વારંવાર આવીને ટહુકી જાય છે તે બતાવવું બહુ મુશ્કેલ નથી."('આઠોં જામ ખુમારી', પૃ-૨૦૮) 'ઘાયલ'ની ગઝલોમાં આવા વારંવાર આલેખાતા પાંચ વિષયો તારવે છે.આ પાંચ વિષયો માત્ર 'ઘાયલ'ની ગઝલોને જ લાગુ નથી પડતો.ગઝલમાં મહદઅંશે એ પાંચ ભાવો કેન્દ્રસ્થ હોય છે.આ પાંચ રંગો આ મુજબ છે:૧ આત્મપરિચય,૨ પ્રણયરંગ, ૩ મયપરસ્તી, ૪ પીડિતોની વ્યથા ને પ્રેરક ઉદબોધન, ૫ નાનવ-પૂજા.મકરન્દકથિત 'ગઝલ-પંખી'ના આ 'પચરંગી પ્રકાશ' ગઝલસમસ્તને લાગુ પડે છે.આ પાંચેય વિષયો આટલી વિપુલ માત્રામાં શા માટે આલેખાય છે એના કારણોની ચર્ચા પણ કરી છે,જે ગઝલકારો માટે અને ગઝલના રસિકો માટે વિશેષ ઉપયોગી બની રહે છે.

કાવ્યના સનાતન પ્રશ્ન-કવિતા અનાયાસે લખાય છે કે આયાસપૂર્વક-એની ચર્ચા પણ મકરન્દ કરે છે.ગઝલને એ 'આમદ' એટલે કે અનાયાસે રચાતી-એમના શબ્દમાં કહીએ તો 'આંતરસંવેદનથી સ્વંયભૂ' પ્રગટતી કવિતાઓમાં ગણે છે.આ સ્વીકારવા છતાંય ગઝલની માવજત અંગે પૂરી મહેનત કરવાનો પક્ષ લે છે.ગઝલકારના પક્ષે અપેક્ષિત સૂક્ષ્માતીસૂક્ષ્મ સજ્જતાની બાબતો વિશે બારિક મુદ્દાઓ ચર્ચે છે.ગઝલના સંઘટનમા રહી જતી કચાશ 'શે'રિયત'ને મારી નાખે છે એવું એમનું સ્પષ્ટ મંતવ્ય છે.

ગઝલની મર્યાદાઓ પણ સુપેરે નોંધે છે.મુશાયરાની-પ્રસ્તુતિની કળા મનાતી ગઝલ મુદ્રિતરૂપે બહુ ફેલાતી નથી.મુશાયરામાં સારા પઠનના પ્રતાપે અને એ વાતાવરણના કારણે,વિચારીને ગઝલનો આસ્વાદ લેવાનો,મનન કરવાનો પૂરો અવકાશ ન મળતા સપાટી પરનાં વિષયોવાળી કે શબ્દાળુ કે સભારંજની ગઝલો બાજી મારી જાય છે અને સારી ગઝલો અવહેલના પામે એમ પણ બને.મુશાયરામાં ઉત્તમ લાગેલી ગઝલ શાંત ચિત્તે વાંચતા સપાટી પરની પણ લાગે.મુશાયરામાં જે પ્રકારની ગઝલોમાં પ્રોત્સાહન કે દાદ મળે એવી ગઝલો રચવા તરફ ગઝલકાર લલચાય તો પરિણામે નુક્સાન ગઝલને જ છે.ઘણી વખત ગઝલનો ઘાટ આકર્ષક હોય છે,વાત ક્ષુલ્લક હોય છે.એમનાં જ શબ્દોમાં કહીએ તો,"ગઝલિયતનું પ્યાલું તો રૂપાળું હોય છે પણ શે'રિયતનો રસ ઊંચા પ્રકારનો હોતો નથી."('છીપનો ચહેરો ગઝલ',પૃ-પ) દરેક શેરમાં ભાવ બદલતો હોવાથી એક શેરમાં કવિ સાતમા આકાશે લઈ જાય અને બીજા શેરમાં સીધા જમીન પર પટકાવે એવુંય બને.આ બધી જ સર્જકપક્ષે રહેલી મર્યાદાઓને પાર કરવા માટે દરેક ગઝલકાર પોતે પોતાનો વિવેચક બને એવી અપેક્ષા મકરન્દ રાખે છે. ગઝલની વધુ પડતી લોકપ્રિયતાના કારણે વિદ્વાનો-બહુશ્રુતો આ કાવ્યસ્વરૂપ પ્રત્યે ઓરમાયું વર્તન કરતા એ દિવસો તો હવે વીતી ગયા પણ છતાંય એ અંગે મકરન્દની ટકોર સ્વીકારી ગઝલ પ્રત્યે ઉપેક્ષા સેવવી જોઈએ નહીં.ગુજરાતી ગઝલોની દશા અને દિશા અંગે ચર્ચા કરતી વખતે એક દૂષણ નોંધે છે કે વર્તમાન ગઝલકારો નાવીન્ય કે અભિવ્યક્તિની તરેહો માટે અતિરાગ સેવીને ગઝલની શુદ્ધ પ્રકૃતિને હાનિ પહોંચાડે છે.આ ટાળવું જોઈએ.સત્યના પડઘા વગર,કોઈ ઠોસ વાત વગર માત્ર આકૃતિ

શણગારવાના મોહમાં શેરિયત કે કાવ્યતત્વ માર્યું જાય છે એવું મકરન્દનું સ્પષ્ટ મંતવ્ય છે.તો વળી ગઝલના અભ્યાસમાં ઓછપ,કૈક કહી દેવાની ધગશમાં સ્વરૂપની મર્યાદા ઓળંગવી,માવજતમાં પૂરું ધ્યાન ન આપવું વગેરે કારણોના લીધે પણ ગઝલને હાનિ પહોંચે છે.

આમ,એમના જ શબ્દોમાં કહીએ તો મકરન્દની આ વિવેચના ગઝલના 'ચોખંડા પ્રદેશ'માં ઘૂમી વળે છે.

- **કેટલાંક તારણો:**
  - મકરન્દ દવેની ગઝલ  અંગેની વિચારણામાં ગઝલનાં છંદો-અરૂઝ વિશે તેમજ ગઝલની બહેરો વિશે કોઈ ચર્ચા જોવા મળતી નથી.
  - તેઓ ગઝલસર્જનને દૈવી પ્રવૃત્તિ ગણતા હોહ અને ગઝલકારને મહાન દૃષ્ટા ગણતાં હોય એવું વલણ જોવા મળે છે.એ 'ઘાયલ' માટે 'મસ્ત' ને ગાફિલ માટે 'સાધક' જેવા વિશેષણો વાપરે છે.ગઝલને સાધના ગણે છે.'ગાફિલ'ની ગઝલોના ભાવો માટે 'કલંદરના ઈશારા' કહીને ઓળખાવે છે.
  - એમનું મૂળ લક્ષ્ય ગઝલનાં વિષય પરત્વે રહ્યું છે.ગઝલના બાહ્ય અંગો પણ કથ્ય વિષયને કઈ રીતે વધુ વેધક્તાથી રજૂ કરી શકે એ સંદર્ભે જ ચર્ચા કરી છે.
  - એમની વિચારણામાં ઉર્દૂ ગઝલકારોના વિચારોનો પ્રભાવ ઝીલાયો છે. એ મીર, ગાલિબ, અસગર, ઈકબાલ, જિગર, દાગ, ફના, ફૈઝ જેવા શાયરોના કલામોને આદર્શ તરીકે મૂકે છે અને એ ગઝલોમાં જેટલી બારીકાઈથી રચાઈ એવી બારીકાઈની અપેક્ષા ગઝલકાર પાસે રાખે છે.
  - એમની શાસ્ત્રીય ચર્ચાની શૈલી સ્હેજ પણ ક્લિષ્ટતામાં સરી ન જતા,પરિભાષાથી ભારઝલ્લી ન બનતાં સરળ અને રસાળ રીતે વહે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- ગઝલના અંગો પરત્વે તર્કબદ્ધ અને સુસંગત રીતે વિચારો રજૂ કરે છે.એ જે તથ્ય વર્ણવે છે એનું 'ઈમ્પ્લિફિકેશન' કરીને સદૃષ્ટાંત ચર્ચા કરે છે.

- ગઝલમાં એમને માનવ,માનવતા અને માનવીય ગુણોની મહત્તા સવિશેષ અપેક્ષિત છે.

- એ ગઝલ અને ગઝલકાર વચ્ચેના ઐક્યને પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે.શીલ એવી શૈલી એ વલણ એમની આ અંગેની વિચારણામાંથી જોવા મળે છે.એમને મન સૌથી અગત્યનું છે જીવન અને જીવનની વિશાળતા.એ વિશાળતા જ ગઝલમાં ઈચ્છે છે અને શાયરી અને જીવનને અલગ-અલગ ન જોતાં જીવન જ શાયરીનો પર્યાય બની જાય એવું દર્શન સ્પષ્ટ થાય છે.

- મકરન્દ દવેની ગઝલ કાવ્યસ્વરૂપ અંગેની વિચારણાને અવલોક્યા બાદ અંતે એમને ખૂબ ગમતાં એક શેરને ન ટાંકીએ તો આ વિચારણા અધૂરી ગણાય.તેઓ વારંવાર ફના નિઝામી કાનપુરીનો આ શેર ટાંકતા:

"હમને તો ફના ઈતના મફહૂમ-એ-ગઝલ સમજા;

ખુદ ઝિંદગી-એ-શાઈર અશઆર મેં ઢલ જાએ"

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભગ્રન્થો:**


1. આઠોં જામ ખુમારી-અમૃત'ઘાયલ',પ્રવીણ પ્રકાશન પ્રા.લિ.,નવસંસ્કરણ-2012
2. છીપનો ચહેરો ગઝલ-સં. અમૃત'ઘાયલ',મકરન્દ દવે,સાહિત્ય ભારતી ટ્રસ્ટ, પ્રથમ આવૃત્તિ(આવૃત્તિ વર્ષ પુસ્તકમાં લખેલું નથી)
3. કોઈ ઘટમાં ગહેકે ઘેરું-૨ ,સં.ઈશા કુન્દનિકા,નવભારત સાહિત્ય મંદિર,પ્રથમ આવૃત્તિ-2006
4. મકરન્દ દવે:એક મુલાકાત, સુરેશ દલાલ,ઇમેજ પબ્લિકેશન્સ,પ્રથમ આવૃત્તિ-1997